# મહાનગરના મહાજંગમાં ૫૬ ટકા મતદાન

**ગ્રામિણ વિસ્તારમાં ઉત્સાહજનક મતદાન જ્યારે સેક્ટરોમાં મધ્યમ મતદાન : સૌથી વધુ મતદાન વોર્ડ નં. ૭ (કોલવડા-વાવોલ)માં ૬૭ ટકા અને સૌથી ઓછુ મતદાન વોર્ડ નં. ૫ (પંચદેવ વોર્ડ)માં ૪૨ ટકા મતદાન**





ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણીના આજે યોજાયેલ મતદાનમાં ૫૬ ટકા મતદાન નોંધાયુ છે. જે મનપાના પ્રથમ જંગ કરતાં ઓછુ મતદાન છે અને બીજા જંગ કરતાં ૪ ટકા જેટલુ વધુ છે.

ગાંધીનગર મનપાની હદમાં વધારો કરાયા બાદ આજે યોજાયેલા જંગમાં ગ્રામ્ય વિસ્તારમાં મતદારો વધુ ઉત્સાહી જણાયા હતા જ્યારે શહેરના સેક્ટરોમાં મતદારો નિરૂત્સાહી જણાયા હતા.

આજે સવારથી મતદાનનો ધીમી ગતિએ પ્રારંભ થયો હતો. પ્રથમ બે કલાકમાં માત્ર ૬ ટકા જ મતદાન થયુ હતુ. જ્યારે ૯ થી ૧૧ માં મતદાનમાં થોડીક ગતિ આવી હતી. આ બે કલાક દરમ્યાન ૧૧ ટકા મતદાન નોંધાયુ હતુ. ૧૧ થી ૧ ના બે કલાક દરમ્યાન મતદાનમાં સૌથી વધુ ગતિ આવી હતી. આ સમયગાળા દરમ્યાન ૧૩ ટકા મતદાન નોંધાયુ હતુ.

બપોરે ૧ થી ૩ દરમ્યાન મતદાન થોડુક ધીમુ પડ્યુ હતુ અને મતદાન ઘટીને બે કલાકના ગાળામાં ૧૨ ટકા મતદાન નોંધાયુ હતુ. જો કે ૩ થી ૫ દરમ્યાન મતદાનમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો અને આ બે કલાકમાં ૯ ટકા મતદાન નોંધાયુ હતુ. છેલ્લા કલાકમાં ૫ ટકા મતદાન નોંધાયુ હતુ.

શહેરમાં ૫૬ ટકા જેટલુ જ મતદાન થતાં આમ તો રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. આજે શહેરમાં ૮૬૦૨૩ પુરૂષ મતદારોએ તો ૭૨,૫૦૮ મહિલા મતદારોએ મતદાન કર્યુ હતુ.

પુરૂષ મતદારોએ ૫૯.૨૭ ટકા મતદાન કર્યુ હતુ તો મહિલાઓએ ૫૩.૦૨ ટકા મતદાન કર્યુ હતુ.

શહેરમાં સૌથી વધુ મતદાન વોર્ડ નં. ૭ માં નોંધાયુ છે જ્યારે સૌથી ઓછુ મતદાન વોર્ડ નં. ૫ માં નોંધાયુ છે. વોર્ડ નં. ૭ માં ૬૭ ટકા મતદાન નોંધાયુ છે જ્યારે વોર્ડ નં. ૫ માં ૪૨ ટકા મતદાન નોંધાયુ છે.

શહેરના વોર્ડ નં. ૧ માં જ્યાં સૌથી વધુ ઉમેદવારો મેદાનમાં હતા ત્યાં ૬૬ ટકા મતદાન નોંધાયુ છે. વોર્ડ નં. ૨ માં ૬૪ ટકા, વોર્ડ નં. ૩ માં ૫૪ ટકા, વોર્ડ નં. ૪ માં ૬૧ ટકા, વોર્ડ નં. ૫ માં ૪૨ ટકા, વોર્ડ નં. ૬ માં ૪૯ ટકા, વોર્ડ નં. ૭ માં ૬૭ ટકા, વોર્ડ નં. ૮ માં ૫૫ ટકા, વોર્ડ નં. ૯ માં ૫૨ ટકા, વોર્ડ નં. ૧૦ માં ૫૩ ટકા અને વોર્ડ નં. ૧૧માં ૬૧ ટકા મતદાન નોંધાયુ હતુ.

શહેરમાં મતદાન મથકોમાં થયેલા ફેરફારોને પગલે મતદારોને મતદાન માટે રખડવુ પડ્યુ હતુ. ક્યાંક મતદારોના નામ મતદાર યાદીમાંથી ગાયબ થયાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. વોર્ડ નં. ૧૧ માં સમાવિષ્ટ ગામ ભાટમાં ભાજપે બોગસ વોટીંગ કરાવ્યાનો પણ આક્ષેપ થવા પામ્યો હતો. આ મુદ્દે આમ આદમી પાર્ટીએ અને તેમની લીગલ ટીમે વાંધો લીધો હતો અને વાતાવરણ તંગ થઈ જતાં એસ.પી. મયુર ચાવડા ત્યાં દોડી ગયા હતા અને પરિસ્થિતિ થાળે પાડી હતી.

કોલવડામાં પણ મતદારોને મતદાન સુધી બહુ ચાલીને જવુ પડતુ હોવાની ફરિયાદ પણ મતદારો કરતા જણાયા હતા.

સેક્ટર-૬ માં પણ ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે છુટા હાથની મારામારી થઈ હતી. ખુરશીઓ પણ ઉછળી હતી. જો કે પોલીસે તાત્કાલિક પરિસ્થિતિને નિયંત્રણમાં લઈ લીધી હતી.

### ક્યા વોર્ડમાં કેટલું મતદાન

| વોર્ડ નંબર | ટકાવારી |
|---|---|
| ૧ | ૬૬ ટકા |
| ૨ | ૬૪ ટકા |
| ૩ | ૫૪ ટકા |
| ૪ | ૬૧ ટકા |
| ૫ | ૪૨ ટકા |
| ૬ | ૪૯ ટકા |
| ૭ | ૬૭ ટકા |
| ૮ | ૫૫ ટકા |
| ૯ | ૫૨ ટકા |
| ૧૦ | ૫૩ ટકા |
| ૧૧ | ૬૧ ટકા |

ગાંધીનગરમાં આજે મતદાન દરમ્યાન ઈ.વી.એમ. ખોટવાઈ જવાની ફરિયાદો ઉઠી ન હતી. મોક પોલ વેળાએ પેથાપુરમાં એક ઈ.વી.એમ.માં ક્ષતિ જણાતાં તાત્કાલિક તેને બદલી કાઢવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં આમ તો છુટી છવાઈ સામાન્ય ઘટનાઓને બાદ કરતા મતદાન શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતાં તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો.

ગાંધીનગરમાં મહાનગરપાલિકાનું ચુંટણીમાં સવારથી જ લોકોની નજર રહી હતી મતદાન સરેરાશ ૫૪ ટકા નોંધાયું છે જેમાં સૌથી વધુ મતદાન વોર્ડ નં. ૭ એટલે કે નવા ઉમેરવામાં આવેલ કોલવડા, વાવોલ ગામનો દબદબો જોવા મળી રહ્યો હતો વોર્ડનં. ૭ માં સરેરાશ ૬૩ ટકા મતદાન સાથે પ્રથમ નંબરે આવ્યું છે સવારથી જ વોર્ડ નં.૭ માં સૌથી વધુ લોકોએ મતદાન કર્યું હોવાનું જોવા મળી રહ્યું છે આમ જોવા જઈએ તો કોરોનાની વૈશ્વિક મહામારી પછી ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણીમાં પ્રથમ વખત ત્રણ પક્ષો વચ્ચે જંગ ખેલાયો છે. ભારે રસાકસી ધરાવતી આ ચૂંટણીમાં ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ૨૮૪ બૂથ પર ૨૮૧૮૯૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૧૧ વોર્ડ માં ૪૪ બેઠકો માટે ૧૬૧ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે.

## શહેરમાં આખો દિવસ અજંપાભરી સ્થિતિ જોવા મળી

ગાંધીનગર મનપાની આજની ઉજી સામાન્ય ચૂંટણીમાં પ્રથમ વખત આખો દિવસ અજંપાભરી સ્થિતિ જોવા મળી હતી.

આજે સે. ૨૪, ૪ અને ૧૩ માં બોગસ વોટીંગના આક્ષેપોથી વાતાવરણમાં ઉત્તેજનાઓ ફેલાઈ હતી. ભાટમાં બોગસ વોટીંગના આક્ષેપોને પગલે જિલ્લા પોલીસ વડા ત્યાં દોડી ગયા હતા.

વોર્ડ નં. ૫ હેઠળ આવતા સે. ૨૨માં ૧૦૦ થી વધુ મતદારોના નામ ગાયબ હોવાના મામલે હોબાળો થયો હતો. સે. ૨૨માં મતદાન મથકની અંદર પ્રચારના મામલે ભાજપ-કોંગ્રેસના આગેવાનો વચ્ચે શાબ્દીક ટપાટપીએ પણ ઉત્તેજના ફેલાવી હતી.

## મંગળવારે મતગણતરી

ગાંધીનગર મહાનગરપાલિકાની મત ગણતરી પાંચ કેન્દ્રો પર મંગળવાર સવારે હાથ ધરવામાં આવશે.

આજે મતગણતરીની કામગીરી માટે તંત્ર તૈયારીઓ હાથ ધરશે. મંગળવારે બપોરના ૩ વાગ્યા સુધીમાં લગભગ તમામ પરિણામ આવી જશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## મતદાનની સાથે સાથે...

- તમામ મતવિસ્તારોમાં મહિલા મતદારોની સંખ્યા વધારે જોવા મળી હતી.
- વોર્ડમાં કાર્યકર્તાઓ તથા ચૂંટણીમાં કામગીરી કરનારા તમામ સભ્યો માટે ચા, નાસ્તો, જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- વાવોલ વોર્ડ નં. ૭ માં સૌથી વધારે મતદાન નોંધાયુ હતુ.
- ઉમેદવારો દ્વારા વૃદ્ધો, દિવ્યાંગો, જરૂરીયાતમંદોને મતદાન મથક પર મુકવા-લેવાની સુવિધાઓ ગોઠવવામાં આવી હતી.
- વોર્ડ નં. ૬ માં ગોકુળપુરામાં મતદાનમાં મહિલાઓનો ઉત્સાહ ભારે જોવા મળ્યો હતો.
- વોર્ડ નં. ૬ માં સેક્ટર-૧૩માં મતદાનમાં નિરૂત્સાહ અનુભવાયો હતો
- ચૂંટણી મથકોમાં પુરતી ડસ્ટબીનની વ્યવસ્થા ના હોવાથી કોવિડ-૧૯ ગાઈડલાઈન અનુસાર પહેરાવાયેલા હેન્ડગ્લોઝનો ઢગલો જેમ તેમ ફેંકાયેલો જોવા મળતો હતો.
- વોર્ડ નં. ૭ માં ભાજપના અગ્રણી અમિત ત્રિવેદીએ તમામ મતદાન મથકોની મુલાકાત કરી હતી.
- બપોરના સમયે મતદારોમાં માસ્ક પહેરવા બાબતે અણગમો સ્પષ્ટ દેખાઈ આવતો હતો.
- પાલજ ખાતે બપોરના સમયે મતદારોની ભીડ ઓછી જોવા મળતા પોલીસ અધિકારીઓ વૃક્ષના નીચે પોરો ખાતા જોવા મળ્યા હતા.
- કોલવડા કન્યા શાળામાં મતદારો માસ્ક વિના જોવા મળ્યા હતા ઉપરાંત મતદાન મથકો પર માસ્ક આપવામાં આવતા હતા તે પણ ખૂટી પડ્યા હતા.
- કોલવડા ખાતે મતદાન કરવા માટે ૮૧ વર્ષના વૃદ્ધ મહિલા સજનબા વાઘેલાએ મતદાન કર્યુ, એક નાગરિકની ફરજ છે તેનુ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ.
- ૮૮ વર્ષના રૂખીબેન ઠાકોરે કોલવડા કન્યા શાળામાં મતદાન કર્યુ હતુ.
- વાવોલ નારાયણનગર સોસાયટીના ૭૦ થી ૮૦ વર્ષના વૃદ્ધ વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ હતુ.
- પેથાપુરમાં ભાજપના કાર્યકર્તાઓ દ્વારા બપોરના તડકામાં ગરમીમાં મતદાનની કામગીરી કરવામાં આવી હતી.
- વાવોલ એમ.ડી. શાહ પ્રાથમિક વિદ્યાલયમાં કોરોના ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન સાથે મતદાન કરવામાં આવ્યું હતું.
- સે-૨૨ માં સવારે મતદાન બુથ પર વાહનોનો ખડકલો થયો હતો. પરંતુ મતદાન મંદ રહ્યુ હતુ.
- સે-૨૪ માં ૧૦૦ વર્ષના વૃધ્ધા રતનબેન ઉગરેજીયાએ મતદાન કરી દરેક નાગરિકને મતદાન કરવા માટે અપીલ કરી હતી.
- સે-૨૪ માં વિકલાંગો તેમજ વડીલોમાં મતદાન માટે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.
- સે-૧૯ માં કોંગ્રેસના નેતા શકિતસિંહ ગોહીલ બુલેટ પર મતદાન કરવા આવતા સેકટરવાસીઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો.
- કોંગ્રેસના નેતા ડો સી જે ચાવડા અને નિશિત વ્યાસ એક કારમાં સાથે બેસીને વિવિધ મતદાન મથક ફરીને સ્થિતિનુ નિરિક્ષણ કરતા નજરે પડયા હતા
- સે-૨૩ માં સવારથી જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. મતદાન બુથ પાસે ભીડ જોવા મળી હતી.
- સે-૨૪ માં મતદાનની પ્રક્રીયાના લીધે સેકટરના સાંકડા માર્ગો પર દિવસ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા
- સે-૩ માં વિકલાંગ ઉમેદવારો માટે વ્હીલચેરની વ્યવસ્થા ન હોવાના લીધે શારિરીક રીતે અશ્કત વડીલોએ પરેશાની વેઠવી પડી હતી.
- સે-૨૪ સરકારી પ્રાથમિક શાળામાં મતદારોની કતાર જોવા મળી હતી. પુરુષ મતદારોની સાથે મહીલા મતદારો પણ બાળકો સાથે લાઇનમાં જોવા મળી હતી.
- સે-૨૫ ની માતંગી સ્કુલમાં પણ મતદાન માટે કતાર જોવા મળી હતી.
- મતદાન કરવા જતા મતદારોને મતદાન મથકે ટેમ્પરેચર ગન તાપમાન ચકાસી, સેનેટાઈઝર અને ગ્લોજ આપી મતદાન કરવા માટે જવા દેવામાં આવતા હતા.
- આપના કાર્યકર પક્ષના સિમ્બોલ વિનાની ટોપી પહેરીને ફરતા સેકટર-૪ ખાતે વિવાદ થયો હતો.
- આશાવર્કર અને આંગણવાડીની બહેનો સહિત નર્સ સ્ટાફને સેનેટાઈઝર અને ટેમ્પરેચર ગનની કામગીરી સોંપી હતી.
- વિવિધ પક્ષના કેટલાક ઉમેદવારો એ મુહર્ત જોઈ મતદાન કર્યું હતું.
- કલોલ તાલુકા પોલીસ મથકના કોન્સ્ટેબલ સાદીકમહંમદ બાકરહુસેન પોર ગામે મતદાન મથકે ફરજ બજાવી રહ્યા હતા, તે સમયે ચાર થી વધુ વિકલાંગ મતદારોને વ્હીલચેરમાં બેસાડી મતદાન મથક સુધી લઈ જઈને ફરજ બજાવી હતી.
- અંબાપુર ખાતે આપના કાર્યકર અને પોલીસ વચ્ચે રકઝક થઈ હતી.
- ગુજરાતી પિકચરના જાણીતા એકટર અને ગાયક કલાકાર વિક્રમ ઠાકોરે સેકટર-૧૫ ફતેપુરા ખાતે મતદાન કર્યું હતું.
- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૯૯ વર્ષિય માતા હીરાબાએ રાયસણ સર્વોદય વિદ્યાલય ખાતે મતદાન કર્યું
- દરેક મતદાન મથક ખાતે અશકત અને વિકલાંગ મતદાર માટે વ્હીલચેરની વ્યવસ્થા રાખવામાં આવી હતી.
- કુડાસણ, પોર, અંબાપુર, રાંદેસણ, રાયસણ, કોબા, સહિતના ગ્રામ્ય વિસ્તારમાં સવારથી જ મતદાન માટે મતદારોની લાંબી લાઈનો લાગી હતી.
- મતદાન મથકે પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- મતદારોને મતદાન મથક સુધી લાવવા અને લઈ જવા માટે મોંઘીદાટ ગાડીઓ સતત આંટાફેરા મારી રહી હતી.
- સેકટર-૪ ખાતે એક યુવાને અનેકવાર મતદાન કરતા હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી.
- તમામ મતદાન મથકે પોલીસ જવાનો ખડેપગે હાજર હતા.
- કોલવડા ગામે સરકારી પ્રાથમિક શાળા તોડી પાડવામાં આવી હોવાથી મોટીમાત્રામાં મતદાર ભાઈ બહેનોને એક કિલોમીટર દુર રેલ્વે સ્ટેશન નજીક મતદાન કરવા માટે જવાની ફરજ પડી હતી.
- તમામ મતદાન મથક ખાતે મીનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## મનપાના જંગમાં વિજયનો વિશ્વાસ વ્યક્ત કરતા ત્રણેય પક્ષના આગેવાનો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં આજે યોજાયેલા મતદાન બાદ ત્રણેય મુખ્ય રાજકીય પક્ષોએ તેમના પક્ષના વિજય અંગેના દાવા કર્યા છે.

ભાજપાના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે મતદારોનો આભાર માની લોકશાહી પર્વની શાંતિપૂર્વક ઉજવણી માટે મતદારોને અભિનંદન આપ્યા હતા. તેમણે ભાજપના વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

શહેર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટે પણ મતદારોનો આભાર માન્યો છે. ભટ્ટે તેમના નિવેદનમાં જણાવ્યુ છે કે કાર્યકર્તા એ પક્ષની તાકાત છે. ૫ મીએ મતગણતરીમાં ભાજપ પ્રચંડ જનાદેશ સાથે વિજય પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આમ આદમી પાર્ટી વતી મુકેશ પટેલ, મહેશ સવાણી, ઈશુદાન ગઢવી અને અન્ય આગેવાનોએ મતદારોનો આભાર માની વિજયનો વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પ્રજાએ અમને આવકારો જે રીતે આપ્યો છે અને જે મતદાન થયુ છે તેમાં તેમના ઉમેદવારોનો ભવ્ય વિજય થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

ગાંધીગર શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા અને ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મતદારોનો આભાર માન્યો છે તેમજ કોંગ્રેસનું સતત ત્રીજા જંગમાં સમર્થન કરવા માટે નગરજનોને વધાવ્યા છે. તેમણે જણાવ્યુ છે કે આ જંગમાં કોંગ્રેસ વિજયી બનશે અને પ્રજાની સુખાકારી માટે સતત કાર્યરત રહેશે તેવી ખાત્રી આપી છે.

આ આગેવાનોએ જણાવ્યુ છે કે કોંગ્રેસ પક્ષ બહુમતિ સાથે સત્તાના સૂત્રો સંભાળશે. તેમણે પ્રજાના પ્રશ્નોને ઉકેલવામાં તેમનો પક્ષ કોઈ જ કચાશ રાખશે નહિ તેમ પણ તેમણે કહ્યુ છે.

**પેટ્રોલના ભાવ વધારાથી નાગરિકો હવે ટુ વ્હીલર પર આવી ગયા**

## બુલેટ પર સવાર થઈને શકિતસિંહ ગોહિલ મતદાન કરવા આવ્યા



ગાંધીનગર તા ૩

સે-૧૯ માં બુલેટ લઈને મતદાન કરવા આવેલા કોંગ્રેસના નેતા શકિતસિંહ ગોહીલે આ તબક્કે જણાંવ્યુ હતુ કે પેટ્રોલના ભાવવધારાથી દેશની જનતા પરેશાન છે. નાગરિકો હવે ફોર વ્હીલર પરથી ટુ વ્હીલર પર આવી ગયા છે. ત્યારે ભાજપનો અહંકાર સાતમા આસમાને છે જેને ઉતારવા માટે મતદાન એ જ સૌથી ઉત્તમ શસ્ત્ર હોવાનુ કોંગ્રેસના નેતા શકિતસિંહ ગોહીલે જણાંવ્યુ હતુ.

આમ નાગરિકો મજબુર થઈને બે પૈડા પર આવી ગયા છે. સાઈકલ લઈને જતો નાગરિક પગપાળા જઈ રહ્યો છે. દેશના નાગરિકોને આક્રોશને વ્યકત કરવા આજે મોટરસાઈકલ લઈને મતદાન કરવા આવ્યો છુ મત આપવો એ મારી જવાબદારી છે. લોકશાહીનુ સૌથી મોટુ શસ્ત્ર મત છે. માટે ખાસ ગાંધીનગર વોટીંગ કરવા આવ્યો છુ તેમણે નાગરિકોને મતદાન કરવા અપીલ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર




**ટેલિફોનિક બેસણું**

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસો બ્રાહ્મણ**

અમારા પૂજ્ય પિતાશ્રી **પ્રો. વસંતરાય ગૌરિશંકર પંડ્યા**(તળાજા) હાલ ગાંધીનગર નું તા.૩-૧૦-૨૧, ને રવીવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

**વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમા રાખીને સદ્દગતનું ટેલીફોનિક બેસણું તા.૦૪-૧૦-૨૦૨૧ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ દરમિયાન રાખેલ છે**

કલ્પનાબેન જ્યોતિન્દ્રભાઈ દવે ૯૭૨૬૩ ૧૮૫૪૦
પયસ્વીનીબેન ભરતભાઈ ભટ્ટ ૯૯૨૪૦ ૮૩૫૫૬
તૃપ્તીબેન પંડ્યા ૬૩૫૫૫ ૧૫૯૬૦
ડો. દર્શનભાઈ વસંતરાય પંડ્યા ૯૮૨૫૪ ૩૮૩૮૦
વિરલભાઈ વસંતરાય પંડ્યા ૦૦૧ ૪૦૮ ૮૧૩૧૬૮૮


## હીરાબાએ ૯૯ વર્ષની વયે મતદાન મથકે પહોંચી મતદાન કર્યું

**વ્હીલચેરનો ઉપયોગ ના કર્યો : હીરાબા ચાલીને મતદાન કરવા ગયા : હીરાબાદ દીકરા પંકજભાઈ મોદી સહિત પરિવારના અન્ય સભ્યોની સાથે મતદાન કરવા માટે પહોંચ્યા હતા**



ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં અઢી કલાક દરમિયાન સરેરાશ ૧૨% જેટલું મતદાન થયું છે. સવારે એક કલાક દરમિયાન જેટલું મતદાન થયું હતું તે પછી મતદાનની ટકાવારીમાં ધીમે-ધીમે વધારો થઈ રહ્યો છે. ધીમે-ધીમે મતદાન મથકો પર મતદાતાઓની ભીડમાં વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૯૯ વર્ષના માતાએ પણ મતદાન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગાંધીનગરના રાયસણમાં રહેતા માતા હીરાબાએ વોર્ડ નંબર-૧૦ના મતદાન મથક પર પહોંચીને પતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. રાયસણમાં આવેલા વાડીભાઈ વિદ્યા સંકુલમાં તેઓ મતદાન કરવા માટે પહોંચ્યા હતા. તેઓ જ્યાં મતદાન કરવા માટે પહોંચ્યા હતા તે વોર્ડ નંબર-૧૦નું બૂથ નંબર ૪ હતું.

પીએમ મોદીના ભાઈ પંકજભાઈ મોદી સાથે હીરાબા કારમાં આગળની સીટ પર બેસીને મતદાન મથક પર પહોંચ્યા હતા. મતદાન કર્યા બાદ તેમણે પોતાના કરેલું શાહીનું નિશાન બતાવ્યું હતું. ૯૯ વર્ષના હોવા છતાં તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, તેઓ હંમેશા પોતાના મતાધિકારનો અચુક ઉપયોગ કરે છે.

## સે-૨૪ માં બોગસ વોટીંગની ફરિયાદથી હોબાળો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો

**મતદાન કરવા ગયેલા મતદારનો વોટ પહેલેથી જ અપાઇ ગયો હતો...!!**

ગાંધીનગર તા ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી પ્રક્રીયા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. એકાદ ઠેકાણે બોગસ મતદાન તેમજ બુથ તોડવા સહીત બોગસ વોટીંગની ફરિયાદના લીધે થોડીવાર માટે હોબાળો મચી ગયો હતો. સે-૨૪ માં પણ સરકારી પ્રાથમિક શાળામાં બોગસ વોટીંગ થયુ હોવાની ફરિયાદના લીધે હોબાળો મચી ગયો હતો. આ દરમિયાન મતદારો અને ઉમેદવારો પણ ટોળામાં જમા થઇ ગયા હતા. સે-૨૪ ના મતદાન બુથમાં એક મતદાર મતદાન કરવા ગયા ત્યારે તેમનો મત અગાઉથી જ અપાઈ ગયો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આ અંગે ફરજ બજાવતા પ્રિસાઈડીંગ ઓફિસરને ધ્યાન દોરવામાં આવ્યુ હતુ. પ્રાથમિક દ્રષ્ટીએ બોગસ વોટીંગ થયુ હોવાનુ સ્પષ્ટ થતા મતદાન મથક પર હોબાળો મચી ગયો હતો. રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ કાર્યકરોની હાજરીમાં આ મામલે શાબ્દિક સંઘર્ષ થતા ટોળુ ભેગુ થયુ હતુ આ દરમિયાન પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી ટોળાને વિખેરીને મામલો થાળે પાડયો હતો. જયારે આ મતદારના મતદાન માટે ટેન્ડર વોટીંગ કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જો કે બોગસ વોટીંગ થયુ કે કોઇ ક્ષતિ રહી ગઇ તે તપાસનો વિષય બની રહ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com